NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦

Azadi Ka Amrit Mahotsav

## ॐ પરિપત્ર ॐ

**વિષયઃ–બીલોમાં જરૂરી પુરાવા રજુ કરવા બાબત**

આથી તમામ યુનિટ સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી સરકારશ્રી તરફથી ૧૦૦% અનુદાન મેળવતી સંસ્થા હોય, સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ, તેની સામે યુનિવર્સિટીએ કરેલ ખર્ચ તેમજ આવકનું ૧૦૦% ઓડીટ કરાવામાં આવે છે. સરકારશ્રી ધ્વારા નિયુકત કરેલ ઓડીટર લોકલ ફંડ ઓડિટની કચેરી ધ્વારા અત્રેની કચેરીમાં પાસીંગ અર્થે રજુ કરવામાં આવતા તમામ પ્રકારનાં બીલોનું ૧૦૦% ઓડિટ અત્રેની કચેરીએ કરવામાં આવે છે. જેથી અત્રેની કચેરીનાં ઓડિટ દરમ્યાન અત્રેની ટ્રેઝરી કચેરીનાં બીલોમાં બીનજરુરી ઓડિટ વાંધાઓ ઉપસ્થિત ન થાય તે ધ્યાને રાખી નીચે મુજબ અમલવારી કરવા જણાવવામાં આવે છે.

૧ઃ રૂા. ૧ લાખ કે તેની ઉપરની ખરીદીનાં બીલોમાં પ્રી–ઓડિટ પત્રક સાથે સ્ટેચ્યુટરી પાવર્સ મુજબ ખરીદીનો હુકમ સામેલ રાખવો.

૨ઃ ૫૦૦૦ થી ઉપરનાં તમામ પ્રકારની ખરીદીનાં બીલોમાં (પેટ્રોલ,ડિઝલ તેમજ વાહનોના વીમા, વીજળી બીલ સહિત), હુકમની નકલ બીલ સાથે સામેલ રાખવી, ફાર્મ વપરાશનાં ઉપયોગ માટે ખરીદ કરવામાં આવતા પેટ્રોલ/ડીઝલ તથા અન્ય ખરીદીની મંજુરી આખા વર્ષ દરમ્યાનની મંજુરી ન લેતા દરેક બીલોની અલગ મંજુરી નકલ સામેલ રાખવી.

૩ઃ તમામ પ્રકારનાં ૧૦૦૦ થી અંદરની ખરીદીનાં બીલોમાં ડીસી બીલની બીલબોડીમાં દરેક ખરીદીની વિગત, જથ્થો, ભાવ અવશ્ય દર્શાવવા.

૪ઃ આઈ.ટી. સંલગ્ન સાધન ખરીદી માટેની તાંત્રિક મંજરી આઈ.ટી. વિભાગનાં તા. ૯.૬.૨૦૨૧ ના પરિપત્રમાં જણાવ્યા અનુસાર અમલ કરી બીલ સાથે સામેલ રાખવી.

ઉપર મુજબના આધાર પૂરાવા શિવાય અન્ય આધાર અત્રેની કચેરીએથી જરૂરી ચકાસણી અર્થે જયારે પણ માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

**હિસાબ નિયામક**

જા.નં. નકૃયુ/કોમ્પટ/વવહિઅધિ/બી.૩/૧૩૪૪/૨૦૨૨,
તા. ૨૩.૦૨.૨૦૨૨.

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.

(૨) યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.